CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
www.chipsairexp.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૫ | ૧૫ ઓક્ટોબર, ૨૦૧૯, મંગળવાર; આસો વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતના અભિજીત બેનર્જીને અર્થશાસ્ત્રનું નોબેલ

**વૈશ્વિક ગરીબીને જડ-મૂળથી હટાવવા માટેના પ્રયોગ માટે સમ્માનિત કરાયા : ભારતીય મૂળના અભિજીત બેનર્જી, અસ્થર ડુફ્લો અને માઈકલ ક્રેમરને અર્થશાસ્ત્રનું નોબેલ**

ઓસ્લો,તા.૧૪

વર્ષ ૨૦૧૯ માટે અર્થશાસ્ત્રના પ્રતિષ્ઠિત નોબેલ પુરસ્કાર ભારતીય મૂળના અમેરિકી અર્થશાસ્ત્રી અભિજીત બનર્જી, તેમના પત્નિ એસ્તેય ડિફ્લોની સાથે સાથે અર્થશાસ્ત્રી માઈકલ ક્રેમરને સંયુક્તરીતે આપવામાં આવ્યો છે. તેમને આંતરરાષ્ટ્રીય સ્તર પર ગરીબી દૂર કરવાના પ્રયોગાત્મક ઉદ્દેશ્ય માટે નોબેલ આપવામાં આવ્યો છે. ૫૮ વર્ષીય અભિજીત બેનર્જી હાલ અમેરિકામાં મૈસાચુસોટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ઈકોનોમિક્સ વિષય ભણાવે છે. અભિજીત વર્ષ ૧૯૮૧માં યુનિવર્સિટી ઓફ કોલકાતાથી બીએસસી બાદ ૧૯૮૩માં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીથી એમએની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૮૮માં તેમણે હાવર્ડ યુનિવર્સિટીમાંથી પીચડીની ડિગ્રી મેળવી હતી. અભિજીતે એવી આર્થિક નીતિઓ પર રિસર્ચ કર્યું છે જે વૈશ્વિક ગરીબીને દૂર કરવામાં મદદ કરી શકે છે. ૨૦૦૩માં તેમણે એસ્તેય ડિફ્લો અને સેંડહિલ મુલૈંટન સાથે મળી અબ્દુલ લતીફ જમીન પોવર્ટી લેબની સ્થાપિત કરી હતી. ૨૦૦૯માં જેપીએએલને ડેવલપમેન્ટ કો-ઓપરેશન કેટેગરીમાં બીબીવીએ ફાઉન્ડેશનનો ફ્રન્ટિયર નોલેજ એવોર્ડ પણ મળ્યો હતો. અભિજીત બેનર્જી આર્થિક મુદ્દા પર તમામ આર્ટિકલ લખી ચુક્યા છે. તેઓ પુઅર ઈકોનોમિક્સ સહિત ચાર



પુસ્તકો લખી ચુક્યા છે. આ પુસ્તકને ગોલ્ડમેન સેક્સ બિઝનસ બુક ઓફ દ યરને એવોર્ડ પણ મળી ચુક્યો છે. તેઓએ બે ડોક્યુમેન્ટરી ફિલ્મોનું પણ નિર્માણ કર્યું છે. તેઓ વર્ષ ૨૦૧૫ બાદ ડેવલપમેન્ટ એજન્ડા પર બનેલી યુએન સેક્ટેરી જનરલના હાઈલેવલ પેનલમાં પણ રહી ચુક્યા છે.

અગાઉ ૯ ઓક્ટોબરે સ્વીડનના પાટનગર સ્ટોકહોમમાં અમેરિકાના જોન બી. ગુડઈનફ, ઈંગ્લેન્ડના એમ. સ્ટેનલી વિટિંઘમ અને જાપાનના અકીરા યોશિનોને સંયુક્ત રીતે રસાયણ વિજ્ઞાનનું નોબલ પ્રાઈઝ મળ્યું હતું. તે અગાઉ ૭ ઓક્ટોબરના રોજ ભૌતિક શાસ્ત્ર ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપવા બદલ જેમ્સ પીબલ્સ, મિશેલ મેયર અને ડીડીએર ક્લૂલોજને ભૌતિક વિજ્ઞાનનો નોબેલ આપવામાં આવ્યો હતો.

જેમ્સ પીબલ્સને ભૌતિક બ્રહ્માંડ વિજ્ઞાનમાં સૈદ્ધાંતિક શોધ માટે, મિશેલ મેયરને અને ડીડીએર ક્લૂલોજને એક સૌર-પ્રકાર તારાઓની પરિક્રમાં કરનારા એક્સોપ્લેટેની શોધ માટે સંયુક્ત રીતે નોબલ પુરસ્કાર મળ્યો હતો.

૧૯૦૧થી લઈને ૨૦૧૮ સુધી રસાયણમાં કુલ ૧૮૧ લોકોને ૧૧૦ પુરસ્કાર આપવામાં આવ્યા છે. રસાયણ માટે ૧૯૧૬, ૧૯૧૭, ૧૯૧૯, ૧૯૨૪, ૧૯૩૩, ૧૯૪૦, ૧૯૪૧ અને ૧૯૪૨ માં આ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી નહતી.

## જથ્થાબંધ મોંઘવારી દર સપ્ટેમ્બરમાં ૦.૩૩ ટકા રહ્યો

ન્યુ દિલ્હી,તા.૧૪

જથ્થાબંધ મોંઘવારી દર સપ્ટેમ્બરમાં ઘટીને ૦.૩૩% રહ્યો છે. તે જૂન ૨૦૧૬ બાદ સૌથી ઓછો છે. સપ્ટેમ્બરમાં મેન્યુફેકચર્ડ વસ્તુઓની કિંમત ઘટવા અને ઈંધણની મોંઘવારી ઓછી રહેવાથી જથ્થાબંધ દરમાં ઘટાડો આવ્યો છે. ઓગસ્ટમાં જથ્થાબંધ મોંઘવારી દર ૧.૦૮ ટકા હતો.

સપ્ટેમ્બરમાં ડુંગળીની કિંમતો ઝડપથી વધી છે, પરંતુ ફળોની કિંમતોમાં ઘટાડો આવવાથી કેટલીક ભરપાઈ થઈ છે. પ્રાથમિક વસ્તુઓનો મોંઘવારી દર ૫.૫૪% રહ્યો. ઓગસ્ટમાં ૬.૪૩ ટકા હતો.

# સૌરવ ગાંગુલી BCCIના અધ્યક્ષ

**જ્યારે સચિવ તરીકે ગુજરાતના જય શાહ અને ખજાનચી તરીકે અરૂણસિંહ ઠાકુરની બિનહરીફ વરણી : ગુજરાતના જય શાહની વરણીથી ક્રિકેટપ્રેમીઓમાં ભારે ખુશાલી**

દુનિયાની સૌથી અમીર ક્રિકેટ સંસ્થા (બીસીસીાઇ)ના પ્રમુખ તરીકે હાઈ ડ્રામા બાદ આખરે પૂર્વ ભારતીય કેપ્ટન અને સ્ટાર બેટસમેન સૌરવ ગાંગુલીએ બાજી મારી લીધી હતી. બીસીસીઆઈના નવા પ્રમુખ તરીકે સૌરવ ગાંગુલીની નિમણૂંક કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. જો કે મુંઈની ફાઈવ સ્ટારમાં હોટેલમાં યોજાયેલી આ બેઠક ભારે નાટ્યાત્મક દોરમાંથી પસાર થઈ હતી. બેઠકમાં



બીસીસીઆઈના વડાની પસંદગી કરવા માટે જોરદાર ચર્ચા ચાલી હતી. પૂર્વ અધ્યક્ષ અનુરાગ ટાકુર અને એન શ્રીનિવાસના જુથ સામ સામે આવી ગયાહતા. બેઠકમાં કુબ ચાલો ચાલવામાં આવી હતી. અધ્યક્ષ પદ માટે એકબાજુ શ્રીનિવાસનનુ સમર્થન ધરાવતા ભૂતપૂર્વ ક્રિકેટર બૃજેશ પટેલ હતા. બીજી બાજુ ભારતીય ક્રિકેટમાં પ્રિન્સ ઓફ કોલકત્તાના નામથી લોકપ્રિય સૌરવ ગાંગુલી હતા. સીઓએની સામે દેશની તમામ ક્રિકેટ સંસ્થાઓ એકમત થઈને બેઠકો યોજી રહી હતી. અંતે બૃજેશ પટેલ પર સૌરવ ગાંગુલી ભારે પડ્યોહતો. ક્રિકેટની બે પાવરફુલ લોબીએ પોત પોતાના ઉમેદવારને પ્રમુખ બનાવી દેવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. ભારે ખેંચતાણ અને શક્તિ પ્રદર્શનના અંતે બેઠકમાં અંતે સૌરવ ગાંગુલીના નામ પર સહમતિ થઈ ગઈ હતી. બીજી બાજુ બૃજેશ પટેલને આખરે આઈપીએલના ચેરમેન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહના પુત્ર જય શાહને બીસીસીઆઈના સચિવ



તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે અનુરાગ ઠાકુરના ભાઈ અરૂણ સિંહ ઠાકુરને ખજાનચી બનાવી દેવામાં આવ્યા છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ એન શ્રીનિવાસને શનિવારના દિવસે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે વાતચીત કરી હતી. સાથે સાથે બૃજેશ પટેલને મોટી જવાબદારી સોંપવા માટેની ઈચ્છા વ્યક્ત કરી હતી. બીજી બાજુ ગાંગુલીએ પણ અમિત શાહનો મળીનો બી સીસીઆઈના પ્રમુખ બનવા માટેની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## મધ્યપ્રદેશમાં માર્ગ અકસ્માતમાં ચાર હૉકી ખેલાડીઓના મોત

મધ્ય પ્રદેશના હોશંગાબાદની પાસે જ સોમવારની સાવર મોટી દુર્ઘટના બની છે. અહીં એક તીવ્ર ગતિની કાર બેકાબૂ થઈને ઝાડ સાથે ટકરાઈ ગઈ. જેમાં ચાર લોકોનાં મોત થયા છે. ચારેય મૃતક હૉકીના રાષ્ટ્રીય સ્તરના ખેલાડી હતા. જેઓ ધ્યાનચંદ હૉકી ટૂર્નામેન્ટમાં રમવા માટે આવ્યા હતા. કારમાં કુલ ૭ હૉકી ખેલાડી સવાર હતા. તે તમામ હોશંગાબાદથી ઈટારસી જઈ રહ્યો હતો. આ દરમિયાન કાર અનિયંત્રિત થઈને ઝાડ સાથે ટકરાઈ ગઈ અને ત્યારબાદ પલટીને રસ્તાની બાજુમાં પડી. દુર્ઘટના એટલી ભીષણ હતી કે ચાર ખેલાડીઓનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું.

## આજે કોઈપણ દેશ યુદ્ધ ઈચ્છતુ નથી : દોભાલ

નવી દિલ્હી, તા.૧૪

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે સુરક્ષા એજન્સીઓને આતંકવાદ સામે લડવા માટે તોરતરીકાને બદલી નાંખવા માટે સૂચન કરીને પાકિસ્તાન ઉપર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હુતં કે, પાકિસ્તાનને આતંકવાદીઓનું સમર્થન મળેલું છે. સાથે સાથે પાકિસ્તાન આતંકવાદીઓની સાથે રહેલું દેશ છે. ઈસ્લામાબાદનો આમા ખાસ વિશેષતા મળેલી છે. તેમણે કહ્યુ હતુ કે, આતંકવાદને સમર્થન આપનાર પાકિસ્તાનની રાષ્ટ્રીય નીતિ બની ગઈ છે. હાલમાં પાકિસ્તાન પર એફએટીએફનું વ્યાપક દબાણ છે. દોભાલે રાષ્ટ્રીય તપાસ સંસ્થાને નિર્દેશ આપતા કહ્યુ હતુ કે, તે દેશમાં આતંકવાદી વિચારધારાને ખતમ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે. આતંકવાદ સામે લડવા માટે દોભાલે કહ્યુ હતુ કે, એજન્સીઓને પ્લાન એનઆઈની એટીએસ તથા સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં કહ્યું હતુ કે, અમને માહિતી છે કે, આતંકવાદને મદદ બહારથી મળે છે. ભારતમાં મદદ કરનાર કોઈ નથી. ત્રાસવાદ પર તપાસ સમયસર થાય તે જરૂરી છે. દોભાલે એમ પણ કહ્યુ હતુ કે, પાકિસ્તાન પર હાલમાં સૌથી વધારે દબાણ એફએટીએફ તરફથી છે. દોભાલે એમ પણ કહ્યુ હતુ કે, આજે કોઈ દેશ યુદ્ધ ઈચ્છતુ નથી. કારણ કે કોઈપણ પરિણામને લઈને ખુશ હોઈ શકે નહીં. આવી સ્થિતિમાં રાજ્ય પ્રાયોજિત આતંકવાદ મારફતે દુશ્મનોને નુકસાન પહોંચાડવાના પ્રયાસ થાય છે.




# દેશની પ્રજાના જનાદેશથી મળેલી ઊર્જા નવા પરિવર્તનો સર્જશે : મોદી

**જનતાના વિશ્વાસ અને તેમનાથી મળેલી ઉર્જાના પરિણામે ભારત આજે કોઇ કલ્પના ન કરી શકે તેવા નિર્ણય લઇ શકે : હરિયાણા બદલાઈ ગયું છે : મોદી**

વલ્લભગઢ, તા. ૧૪

હરિયાણામાં ચૂંટણી પ્રચાર માટે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઝંઝાવતી રીતે તમામ મુદ્દા ઉઠાવ્યા હતા. મોદીએ કલમ ૩૭૦, બાલાકોટ અને અન્ય જટિલ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. મોદીએ વલ્લભગઢમાં ચૂંટણી પ્રચાર દરમિયાન યુદ્ધવિમાન તેજસ, રાફેલ, વન રેંક વન પેન્શન, ત્રિપલ તલાક જેવા મુદ્દાઓ ઉપર વિપક્ષ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતુ કે, દેશમાં થઈ રહેલા દરેક પ્રકારના સુધારાની સામે, દરેક પરિવર્તનની સામે કોંગ્રેસ અને તેના જેવા દળો દિવાલ બનીને ઉભા થઈ રહ્યા છે. કઈરીતે ત્રિપલ તલાકની સામે કાનૂન બનાવતી વેળા રોકવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જુદા જુદા પ્રકારના બહાના બનાવવામાં આવ્યા હતા પરંતુ દેશના લોકોનો અભિપ્રાય બિલકુલ સ્પષ્ટ છે કે, હવે માત્ર વિરોધ અને પ્રતિરોધની રાજનીતિ ચાલશે નહીં. હવે દેશ



માત્ર વિકાસ ઈચ્છે છે અને તેઓ સંતોષ સાથે કહી શકે છે. ભાજપ અને તેમના સાથી પક્ષો આના માટે ઈમાનદારીથી પ્રયાસ કરી રહ્યા છે.

મોદીએ એમ પણ કહ્યું હતું કે, હરિયાણામાં સરકારી ભરતીનો મતલબ પહેલા લાંચ-રૂશ્વત અને યુવાઓ સાથે છેતરપિંડી રહેતી હતી. નોકરીઓ માટે જુદા જુદા પ્રકારના ખેલ થતાં હતા પરંતુ હવે આ સ્થિતિ બદલાઈ ચુકી છે.

ઈમાનદારી અને નિષ્ઠા સાથે સરકાર કામ કરી રહી છે. વલ્લભગઢમાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ સહિત વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, છેલ્લી વખતે હરિયાણા ચૂંટણીના સમયે જે લોકો તેમને કેપ્ટન અંગે વાત કરી રહ્યા હતા તે લોકો આજે પોતાની ટીમને સમેટવામાં લાગેલા છે અને અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, પાંચ વર્ષના ગાળા બાદ હરિયાણા સરકારના કેપ્ટન પણ પૂર્ણ બુલંદી સાથે ઉભા છે અને મજબૂત ટીમ પણ રહેલી છે.

## ...તો બેન્કોએ ગ્રાહકોને વળતર આપવું પડશે

અનેક વખત એવું બને છે કે ડેબિટ કાર્ડથી ટ્રાન્ઝેક્શન ફેઈલ થઈ જતું હોય છે પરંતુ એકાઉન્ટમાંથી પૈસા કપાત થઈ જાય છે. કપાયેલા પૈસા ક્યારેક તુરંત રિવર્સ થઈ જાય છે તો ક્યારેક રિટર્નની પ્રક્રિયામાં સમય લાગી જાય છે. રિઝર્વ બેંકે આ સમસ્યાને લઈને એક સરક્યુલર જારીકર્યો છે જે અનુસાર જો રિફંડ પ્રક્રિયામાં નિશ્ચિત સમય કરતાં વધુ સમય લાગી જાય તો બેંકોએ ગ્રાહકોને વળતર આપવું પડશે.

ફ્લેટ વેચવાનો છે
ગાંધીનગર - કોલવડા માર્ગ પર
ટ્રીંગવેલી
3 BHK
-: સંપર્ક :-
9898093693
8200668692

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-30 ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-30,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.
PARAM




વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર




## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા **તા. ૨૪-૧૧-૨૦૧૯ને રવિવાર**ના રોજ ગાંધીનગર ખાતે ચતુર્થ સમુહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત **તા. ૨૨-૧૧-૨૦૧૯**ના રોજ ભવ્ય મહેંદીની રસમ કરવામાં આવશે અને **તા. ૨૩-૧૧-૨૦૧૯**ના રોજ રાતના ૮.૦૦ કલાકે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા અને સંગીત સંધ્યાનો સુંદર કાર્યક્રમ અને **તા. ૨૪-૧૧-૨૦૧૯**ના સાંજે વરઘોડો બેન્ડબાજા આતશબાજી સાથે ધામધૂમથી કાઢવાનું આયોજન કરવામાં આવેલ છે અને સાંજના ગૌધુલીક સમયે લગ્ન ગીતની રમઝટ સાથે સમુહલગ્નનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે

આ સમુહ લગ્ન કાર્યક્રમમાં ફક્ત સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ લગ્ન કરાવવાની ઈચ્છા હોય તેમણે **શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૧૬ ખાતે** સંપર્ક કરી ફોર્મ મેળવી અને **તા.૨૪-૧૦-૨૦૧૯** સુધીમાં પરત કરવા વિનંતી છે. વધુમાં વધુ ૧૫ લગ્ન કરવાનું આયોજન કરવામાં આવેલ હોવાથી વહેતા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે.

**નરેશ દવે, મહામંત્રીશ્રી** | **પિનાકીન રાવલ, પ્રમુખશ્રી**

**સંપર્ક : નરેન્દ્ર વ્યાસ - 98980 32659**